






# ગાંધીનગર બાપાનું સદાય ઋણી રહેશે

## અક્ષરધામના નિર્માણનો ઘટનાક્રમ

- વર્ષ ૧૯૭૦ : તા. ૬ઠ્ઠી ઓગષ્ટ : વિશાળ વડના વૃક્ષ નીચે દિવ્યદૃષ્ટા યોગીજી મહારાજે ભવ્ય મંદિરની કામના કરી અને તે સ્થળે પુષ્પપ્રસાદી અર્પિત કરી.
- વર્ષ ૧૯૭૧ : દક્ષિણ ગુજરાતના નાનકડા સાંકરી ગામે પૂ. પ્રમુખસ્વામીએ ભગવાન સ્વામિનારાયણની સ્મૃતિમાં સર્વોપરી સ્મારકનું નિર્માણ કરવાની પ્રેરણા કરી.



- વર્ષ ૧૯૭૮ : ભવ્ય સ્મારક નિર્માણ માટે આધુનિક ડિઝાઈનની પસંદગી કરાઈ અને હજારો વર્ષ સુધી પ્રેરિત કરે તે માટે પથ્થરનું સ્મારક બનાવવા નિર્ણય લેવાયો.
- વર્ષ ૧૯૭૯ : તા. ૨૪મી ડિસેમ્બર : પૂ. પ્રમુખ સ્વામીના હસ્તે અક્ષરધામના નિર્માણનો શિલાન્યાસવિધિ કરાયો.
- વર્ષ ૧૯૮૫ : વર્ષના અંત સુધીમાં પથ્થરનું બાહ્ય માળખુ તૈયાર થઈ ચુક્યુ હતુ. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના દ્વિશતાબ્દી મહોત્સવના પ્રસંગે ‘‘પ્રસાદ પ્રવેશ સમારોહ’’ યોજાયો.
- વર્ષ ૧૯૮૬ : ૬ સાધુઓની એક ટીમ દ્વારા યુરોપ, અમેરિકા સહિત વિશ્વના અનેક દેશોમાં પ્રદર્શનો તથા સંગ્રહાલયોની મુલાકાત લઈ ગહન સંશોધન કરાયું અને અક્ષરધામમાં અદ્ભૂત



પ્રદર્શનની પરિકલ્પના તૈયાર કરાઈ.
- વર્ષ ૧૯૯૮ : અનેક બેઠકો, વિચાર-પુર્નવિચાર વગેરેના આધારે મંદિરના ફરતે ચતુર્દિક ઈમારતો, પ્રદર્શનભવન, અનુશોધન કેન્દ્ર તથા સ્તંભયુક્ત પરિક્રમાની પરિકલ્પના કરાઈ.
- વર્ષ ૧૯૯૧ : પ્રદર્શનની યોજનાને અંતિમ સ્વરૂપ અપાયું.
- શિલ્પકામથી લઈને રંગકામ, પોલીશ, બાગકામ સહિતના તમામ કાર્યો પૂર્ણ કરાયા.
- વર્ષ ૧૯૯૨ : તા. ૩૦મી ઓક્ટોબર : લાભ પાંચમના શુભ દિવસે પૂ. પ્રમુખસ્વામીના હસ્તે ભવ્ય અક્ષરધામ પરિસરનું ઉદ્‌ઘાટન કરાયું.
- વર્ષ ૧૯૯૨ : તા. ૨જી નવેમ્બર : અક્ષરધામ મંદિર જાહેર જનતા માટે ખુલ્લુ મુકાયું. લોકાર્પણ સમારોહમાં હજ્જારોની સંખ્યામાં ભીડ ઉમટી પડી.
- વર્ષ ૨૦૦૨ : આંતકવાદી હૂમલાએ અક્ષરધામને રક્તરંજિત કર્યું.
- વર્ષ ૨૦૦૬ : વિભિન્નતામાં એકતા ધરાવતી ભારતીય સંસ્કૃતિને વિશ્વ સમક્ષ વિશેષ સ્વરૂપે રજૂ કરતો ‘‘મિસ્ટિક ઈન્ડિયા’. શો નો પ્રારંભ કરાયો.
- વર્ષ ૨૦૧૦ : તા. ૩જી એપ્રિલ : વિશ્વભરમાં ખ્યાતિપ્રાપ્ત અત્યાધુનિક ટેકનોલોજી તથા ભારતીય તત્વજ્ઞાનના સંગમ સમો ‘‘સત્-ચિત્ત-આનંદ’’ વોટર શો નો પ્રારંભ કરાયો.







## પૂ. પ્રમુખસ્વામીના વિચાર મુજબ નિર્માણ પામેલ અક્ષરધામથી ગાંધીનગરની ઓળખ બદલાઈ : દુનિયાના નકશામાં ગાંધીનગર ચમક્યુ : ૧૯૯૨ના વર્ષમાં અક્ષરધામનો ઉદ્‌ઘાટન સમારોહ ગાંધીનગર ક્યારેય ભુલી શકશે નહીં : દરરોજ ૭ થી ૧૦ હજાર મુલાકાતીઓ અક્ષરધામના દર્શને ગાંધીનગર આવે છે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરની ધરતી પર ૨૩ એકર જમીનમાં વિકસિત ભારતીય કલા, પ્રજ્ઞા, ચિંતન અને મૂલ્યોનું અદ્વિતિય પરિસર એટલે અક્ષરધામ. આ અક્ષરધામના ઊંડા પાયાઓમાં એક મજબૂત આધારશીલાનું રોપણ કરીને પૂ. પ્રમુખસ્વામીએ એક મહાન કાર્યનો નમ્ર પ્રારંભ કર્યો હતો. ત્યારે કદાચ કોઈને પણ કલ્પના નહોતી કે તેની સીમાઓ વિશ્વભરમાં વિસ્તરશે. સંસ્કાર-સમૃદ્ધ જીવનની શોધમાં નીકળેલા જિજ્ઞાસુઓ-જીવન યાત્રિકો માટે દીવાદાંડી સમાન આ બેનમૂન જીવનશિલ્પને ગાંધીનગરની ધરતી પર કંડારવા બદલ આ શહેર સદાય પૂ. પ્રમુખસ્વામીનું ઋણી રહેશે.

અક્ષરધામ એ માનવજાતને અપાયેલું એક અનુપમ નજરાણું છે. જે માનવમાત્રના ઉત્કર્ષ માટે, શિવમ-કલ્યાણ માટે સર્જાયું છે, હૃદયને સ્પાર્શી જાય એવા નયનરમ્ય સૌંદર્યથી સમૃદ્ધ છે. અક્ષરધામ એટલે સત્યમ શિવમ સુન્દરમનો વિરલ સુયોગ. યુગોથી જીવનને સમજવા અને ઘડવા મથી રહેલા માણસને સાચી દિશા આપવાનો પ્રયાસ એટલે અક્ષરધામ. આમ તો અક્ષરધામ એ ભગવાન સ્વામિનારાયણની સ્મૃતિમાં રચાયેલું સમયાતીત સર્જન છે પરંતુ સંત વિભૂતિ પૂ. પ્રમુખસ્વામી મહારાજના મતે ‘‘અક્ષરધામમાં દરેકને જીવન ઘડતરની પ્રેરણા મળે અને જીવન દિવ્ય બને તે માટેનો પ્રયાસ છે.’’ વર્ષ ૧૯૯૨માં નિર્મિત અને ૨૩ એકર જમીનમાં વ્યાપેલું આ પરિસર શાંતિ, સૌંદર્ય અને દિવ્યતાનું ધામ છે. અક્ષરધામ અસંખ્ય હૈયા અને અગણિત હાથના સહિયારા પરિશ્રમનું એક મહાકાવ્ય સમાન છે, પથ્થરોની ખાણોમાં સેવા કરતા સ્વયંસેવકથી માંડીને અનેક સંતો, ભક્તો, કલાકારો, શિલ્પીઓ, ઈજનેરો, નિર્દેશકો, નિષ્ણાંતો તેમજ જુદા જુદા ક્ષેત્રના તજજ્ઞોના સંયુક્ત અને અવિરત પરિશ્રમનું મહાન સર્જન છે.

અક્ષરધામના સર્જનની કથા અત્યંત રોચક અને વિસ્મયકારક છે. વર્ષ ૧૯૭૧ની સાલમાં સાંજના સમયે દક્ષિણ ગુજરાતના નાનકડા સાંકરી ગામમાં પાંચ-સાત સંતો અને પ્રમુખસ્વામી મહારાજ વચ્ચે ગોષ્ટિ ચાલી રહી હતી. ઔપચારિક વાતોમાં ભગવાન સ્વામિનારાયણની જન્મશતાબ્દિ ભવ્યતાપૂર્વક ઉજવણી વાત કેન્દ્રમાં હતી. આ સમયે પૂ. સ્વામીએ પ્રેરણા કરી કે ‘‘આપણે એક સર્વોપરી સ્મારક કરવું છે.’’ આ સહજ શબ્દોથી ઈતિહાસની એક શ્રેષ્ઠ ઘટનાનું બીજ રોપાયું જે આજે વિશ્વના અદ્વિતિય સ્મારકોમાંનું એક બની રહ્યું છે. એ જાણીને કદાચ આશ્ચર્ય થશે કે અક્ષરધામના વિશાળ સંકુલનું સૌપ્રથમ સ્વરૂપ એક કિર્તિસ્તંભ તરીકેનું જ હતુ. કિર્તિસ્તંભ કેવો કરવો, ક્યાં કરવો એ બધા પ્રશ્નોનો અંતિમ નિર્ણય લેવામાં આવે તે પહેલા ‘સ્મારક’ શબ્દે નવું સ્વરૂપ ધારણ કર્યુ. જે માણકી ઘોડી પર અસવાર થઈને ભગવાન સ્વામિનારાયણે સતત વિચરણ કરીને ગુજરાતના ગામડે ગામડે ક્રાંતિ આણી છે તેમની સંગેમરમરની ભવ્ય પ્રતિમા પધરાવવી એ વિચાર સૌને ગમી ગયો. આ સ્મારક રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કક્ષાનું બનાવવું હોય તો સર્વ સુલભ સ્થળે જ એની રચના થવી જોઈએ તે વિચારે ગુજરાતના કેન્દ્ર સમા અમદાવાદનું નામ આવ્યું પરંતુ અંતે ગાંધીનગરમાં પૂ. યોગીજી મહારાજે પ્રસાદીભૂત કરેલ જમીન પર જ સ્મારકની રચના કરવી એવો નિર્ણય પૂ. પ્રમુખસ્વામીએ આપ્યો હતો. વર્ષ ૧૯૭૦માં તા. ૬ઠ્ઠી ઓગષ્ટે સંધ્યાકાળે આ સ્થળે એ વિશાળ વડની નિશ્રામાં પ્રાર્થના કરીને દિવ્યદૃષ્ટા પૂ. યોગીજી મહારાજે કહ્યું હતું કે ‘‘અહીં એક વિશાળ મંદિર બનશે જે મહાન આધ્યાત્મિક મૂલ્યોનું પ્રેરણા સ્ત્રોત હશે.’’ આટલું કહેતા તેમણે તે ધરતી પર ફરીને સર્વત્ર ગુલાબની પાંખડીઓ વેરી હતી જ્યાં આજે ભવ્ય અક્ષરધામ મંદિર ઉભું છે.

પૂ. પ્રમુખસ્વામી વર્ષ ૧૯૭૮માં જ્યારે વિદેશયાત્રાથી પરત ફર્યા ત્યારે સ્મારક રચનાના ચક્રો પુનઃ ગતિમાન થયા અને એ સમયે તેમાં પ્રદર્શન શબ્દ ઉમેરાયો. સ્મારકમાં ભગવાન સ્વામિનારાયણની મૂર્તિની સાથે સાથે તેમના જીવનના શ્રેષ્ઠ પ્રસંગોને પ્રદર્શનરૂપે પ્રસ્તુત કરવાનો નિર્ણય

● અનુસંધાન પાના - ૭ પર








## આતંકવાદીઓના આત્માની શાંતિ માટે પણ પ્રાર્થના કરી

વર્ષ ૨૦૦૨માં અક્ષરધામ પર થયેલા આતંકવાદી હૂમલાએ ગુજરાતના ગોધરાકાંડથી સર્જાયેલા જખ્મો પર મીઠુ ભભરાવવાનું કાર્ય કર્યું હતું. જો કે આ સમયે પૂ. પ્રમુખસ્વામીએ દાખવેલી અભૂતપૂર્વ સ્વસ્થતા અને અદ્‌ભૂત સદ્‌ભાવનાના કારણે રાજ્ય ફરી એક વાર કોમી હુતાશિનીમાં હોમાતું બચ્યું હતું. અક્ષરધામના હૂમલામાં માર્યા ગયેલા દર્શનાર્થીઓના આત્માની શાંતિ માટે યોજાયેલી પ્રાર્થનામાં પૂ. સ્વામીએ કમાન્ડો ઓપરેશનમાં ઠાર મરાયેલા બે આતંકવાદીઓના આત્માની શાંતિ માટે પણ પ્રાર્થના કરી હતી. આ સાથે તેમણે સાત દિવસ સુધી અક્ષરધામ સંકુલ બંધ રખાવી સંપૂર્ણ પરિસરમાંથી હૂમલાના તમામ નિશાન મીટાવડાવ્યા હતા જેથી ભવિષ્યમાં તેને જોઈ કોઈને આ ધૃણાસ્પદ ઘટનાની યાદ તાજી ના થાય અને કોઈના મનમાં દ્વેષ ઉત્પન્ન ના થાય.







